# Phone call between External Affairs Minister, Dr. S. Jaishankar and Foreign Minister of China, H.E. Mr. Wang Yi

February 26, 2021

---

# વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ચીનનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી વાંગ યી વચ્ચે ફોન કૉલ

ફેબ્રુઆરી 26, 2021

1. વિદેશ મંત્રી અને ચીનનાં સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી મહામહિમ શ્રી વાંગ યી વચ્ચે ગઇકાલે બપોરે ફોન પર વાતચીત થઇ હતી. તે 75 મિનીટ સુધી ચાલી હતી. બન્ને વિદેશ મંત્રીઓએ પૂર્વિય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પ્રવર્તમાન પરિસ્થિતિની અને એકંદર ભારત-ચીન સંબંધો બાબતનાં મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

2. વિદેશ મંત્રીએ સપ્ટેમ્બર 2020 માં મોસ્કોમાં ચીનનાં વિદેશ મંત્રી સાથે થયેલી બેઠકને સંદર્ભીત કરી હતી જેમાં શાસનની સ્થિતિ બદલવા ચીનનાં પક્ષ દ્વારા કરવામાં આવેલા ઉશ્કેરણીજનક વર્તન અને એકપક્ષીય પ્રયાસો પર ભારતીય પક્ષ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. તેણે નોંધ લીધી હતી કે છેલ્લા વર્ષમાં દ્વિપક્ષીય સંબંધોને ગંભિર અસર થઇ છે. સીમાનાં પ્રશ્નનું નિરાકરણ આવવા માટે સમય લાગી શકે છે પરંતુ હિંસા સહિત શાંતિ અને સુલેહની ખલેલથી ચોક્કસ રીતે સંબંધ પર નુકશાનકારક પ્રભાવ પડશે.

3. વિદેશ મંત્રીએ કહ્યું હતું કે ગત વર્ષે મોસ્કોમાં તેઓની મુલાકાત દરમિયાન, બન્ને મંત્રીઓ સંમત થયા હતા કે સીમા ક્ષેત્રોમાં પરિસ્થિતિ કોઇપણ પક્ષનાં હિતમાં નથી અને નક્કી કર્યું હતું કે બન્ને પક્ષોનાં સીમા સૈનિકોએ તેઓનો સંવાદ ચાલું રાખવો જોઇએ, ઝડપથી પાછા હટી જવું જોઇએ અને તણાવ હળવો કરવો જોઇએ. વિદેશ મંત્રીએ નોંધ લીધી હતી કે ત્યારથી બન્ને પક્ષોએ બન્ને રાજદ્વારી અને મિલિટ્રી ચેનલો મારફત સતત સંચાર જાળવી રાખ્યો હતો. આ પ્રગતિ તરફ દોરી

ગયું છે કારણ કે આ મહિનામાં અગાઉ બન્ને પક્ષોએ પેન્ગોન્ગ ત્સો લેક વિસ્તારમાં સફળતાપૂર્ણ સૈનિકો પાછા ખેંચી લીધા હતા.

4. પેન્ગોન્ગ લેક વિસ્તારમાં સૈનિકો પાછા ખેંચી લેવાની પ્રક્રિયા પૂર્ણ કર્યાની નોંધ લેતા, વિદેશ મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, બન્ને પક્ષોએ હવે પૂર્વિય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર બાકી રહેલા મુદ્દાઓનું ત્વરીત નિરાકરણ લાવવું જોઇએ. વિદેશ મંત્રીએ કહ્યું હતું કે એકવાર તમામ ઘર્ષણ બિંદુઓ પર સૈનિકો પાછા ખેંચી લેવાનું પૂર્ણ થાય એટલે, પછી બન્ને પક્ષો તે ક્ષેત્રમાં સૈનિકોનાં બૃહદ ઘર્ષણ નિવારણ તરફ પણ જોઇ શકાય છે અને શાંતિ અને સુલેહ પુનઃસ્થાપિત કરવા તરફ કાર્ય કરી શળકાય છે.

5. પોતોનાં તરફે સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી વાંગ યી દ્વારા અત્યાર સુધીમાં થયેલ પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તે સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહનાં પુનઃસ્થાપન માટે એક મહત્વપૂર્ણ પગલું હતું. તેણે અનુભવ્યું હતું કે બન્ને પક્ષોએ નક્કર પરિણામો તરફનાં પ્રયાસો કરવા જોઇએ. વિવિધ સ્તરો પર થયેલી સામાન્ય સમજણનું નિષ્ઠાપૂર્ણ રીતે અમલીકરણ કરવું પણ મંહત્વપૂર્ણ છે. તેણે સીમા ક્ષેત્રોમાં વ્યવસ્થાપન અને નિયંત્રણ સુધારવાની જરૂરીયાત વિશે વાત કરી હતી.

6. વિદેશ મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે બન્ને પક્ષો હંમેશા સંમત થયા હતા કે દ્વિપક્ષીય સંબંધોનાં વિકાસ માટે સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ જાળવી રાખવા અતિ મહત્વપૂર્ણ આધાર છે. પ્રવર્તમાન પરિસ્થિતિ લંબાવવી કોઇપણ પક્ષનાં હિતમાં નથી. તેથી આ સેક્ટરમાં બળો વચ્ચે તણાવ દૂર કરવા માટે તમામ ઘર્ષણ બિંદુઓ પર સૈનિકો પાછા ખેંચી લેવા જરૂરી છે. તે એકમાત્ર બાબતથી શાંતિ અને સુલેહનું પુનઃસ્થાપન થવા તરફ દોરી જવાશે અને આપણા દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિ માટેની પરિસ્થિતિઓ પ્રદાન કરશે.

7. વિદેશ મંત્રી વાંગ યી દ્વારા એ બાબતની પણ નોંધ લેવામાં આવી હતી કે સંબંધનાં અભિગમ તરીકે ભારતીય પક્ષે ‘ત્રણ પારસ્પરિકતાઓ’ (પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા, પરસ્પર

હિતો) માટેનો પ્રસ્તાવ આપ્યો હતો. તેઓ આપણા જોડાણોની લાંબી દ્રષ્ટિ રાખવાની અગત્યતા પર પણ સંમત થયા હતા. બન્ને મંત્રીઓ સંપર્કમાં રહેવા અને હૉલાઇન સ્થાપિત કરવા મે સંમત થયા હતા.

**નવી દિલ્હી**

**ફબ્રુઆરી 26, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.